# 5 ભારતીય બંધારણ : ઘડતર અને લક્ષણો

બંધારણ એટલે મૂળભૂત સિદ્ધાંતો જેનાથી રાજ્યનું સ્વરૂપ નક્કી થાય છે. આ સિદ્ધાંતો રાજ્યનાં વ્યવસ્થા તંત્રો, સરકારનાં ત્રણેય અંગો ધારાસભા, કારોબારી, ન્યાયતંત્રની રચના; તેમની વચ્ચેના પરસ્પર સંબંધો તેમજ કાર્યો અને સત્તાનો ઉપયોગ કઈ રીતે કરવાનો છે, તે નિયમોના સમૂહને બંધારણ કહેવામાં આવે છે.

ટૂંકમાં, બંધારણ એટલે રાજ્યનો મૂળભૂત કાયદો.

26મી જાન્યુઆરી 1950ના દિવસે ભારતીય બંધારણનો આરંભ થયો. 26મી નવેમ્બર, 1949નો દિવસ ભારતના બંધારણનો જન્મદિન ગણાય છે પરંતુ, તેનાં બીજ તો બ્રિટિશકાળથી જ રોપાઈ ચૂક્યાં હતાં. અહીં આપણે ભારતના બંધારણની વિકાસગાથાની ચર્ચા કરીશું, કેમ કે તેના પરિચય વિના ભારતના બંધારણનો અભ્યાસ અપૂર્ણ છે.

1928માં મોતીલાલ નહેરુ કમિટિએ ભાવિ ભારતની બ્લ્યૂ પ્રિન્ટ સમાન બંધારણ-ઘડતરનો અહેવાલ આપીને ભાવિ અપેક્ષાઓ અને ક્ષમતાને વાચા આપી. 1929 લાહોર બેઠકમાં ‘પૂર્ણ સ્વરાજ’, 1930 દાંડીકૂચ સત્યાગ્રહના સંદર્ભમાં 1930થી 1932 દરમિયાન હિંદના ભાવિ બંધારણીય સુધારા માટે ગોળમેજી પરિષદો યોજાઈ અને તેમાં કોમી ચુકાદા દ્વારા ભારતીય લોકોની એકતાને ખંડિત કરવાના પ્રયાસો પણ થયા.

**ઈ.સ. 1935 થી 1940 નો સમયગાળો :** ગર્વમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ, 1935 નીચે મુજબની જોગવાઈઓ પ્રાપ્ત થઈ :

(1) સમવાયતંત્રને લગતી જોગવાઈ મુખ્ય હતી, જેમાં બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજ્યો એમ બે પ્રકાર હતા.

(2) મધ્યસ્થ કારોબારીમાં ગર્વનર જનરલ, સલાહ સમિતિ અને પ્રધાનમંડળ મળીને મધ્યસ્થ કારોબારી બની. તેને ધારાકીય સત્તાઓ વિશાળ પ્રમાણમાં મળી હતી. મધ્યસ્થ પ્રધાનમંડળની પણ જોગવાઈ થઈ હતી. ગવર્નર જનરલને બંધારણીય વડાનો દરજ્જો અપાયો હતો.

(3) મધ્યસ્થ ધારાસભા દ્વિગૃહી હતી જેમાં (અ) નીચલું ગૃહ કે સમવાયી સભા (બ) ઉપલું ગૃહ, રાજ્યસભા હતી. બંનેને સમાન સત્તાઓ હતી.

(4) પ્રાંતોને લગતી જોગવાઈઓ મુજબ પ્રાંતીય સ્વાયત્તતાનો આંશિક સ્વીકાર થયો.

(5) મધ્યસ્થ ન્યાયાલયની જોગવાઈમાં એક મુખ્ય અને અન્ય છ ન્યાયાધીશોનો સમાવેશ થયો.

(6) આ ઉપરાંત રેલવે બોર્ડ, એટર્ની જનરલ, નાણાકીય સલાહકારની વ્યવસ્થા હતી.

ઈ.સ. 1939માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. ચૂંટાયેલા પ્રતિનિધિઓને પૂછ્યા વિના ભારતને યુદ્ધમાં સામેલ કર્યું. પ્રાંતોના કૉંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. ભારતનું મન જીતવા ઑગસ્ટ ઑફર આપી, પ્રથમવાર બંધારણ ઘડવાની વાત ઉચ્ચારાઈ.

### ઈ.સ. 1942 થી 1950 સુધીનો સમયગાળો

**ક્રિપ્સ દરખાસ્તો (1942) :** બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટનની પીછેહઠ થઈ રહી હતી ત્યારે વડાપ્રધાન ચર્ચીલે 11 માર્ચ, 1942માં ક્રિપ્સ દરખાસ્તો જાહેર કરી. તેમાં બંધારણ ઘડવા બંધારણસભા રચવાની બાબત, સંઘ અને પ્રાંતોને નવું બંધારણ ઘડવાની છૂટ, અલગ સંઘ રચવાની છૂટ, પ્રધાનમંડળના સભ્યોને સંરક્ષણ સિવાય અન્ય વિષયો બાબત સત્તા આપવાની બાબત મુખ્ય હતી. જોકે, કૉંગ્રેસ અને મુસ્લિમલીગે પણ આનો અસ્વીકાર કર્યો. 1942માં ‘હિંદ છોડો’ની લડતમાં લોકોનો તીવ્ર પ્રત્યાઘાત દેખાયો.

**કૅબિનેટ મિશન (1946) :** ઈ.સ. 1945માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું. બ્રિટન વિજયી બન્યું. ચૂંટણીઓ યોજાઈ. ચર્ચીલની હાર થઈ અને મજૂરપક્ષના એટલી વડાપ્રધાન બન્યા. તેઓ ભારતને સ્વતંત્રતા આપવાનો અભિગમ ધરાવતા હતા. તેમણે રજૂ કરેલી યોજના કૅબિનેટ મિશન સ્વરૂપે જાણીતી બની. જેમાં બે મુખ્ય વિભાગ હતા : ભાવિ બંધારણીય સ્વરૂપ અને વચગાળાની યોજના.

(1) બ્રિટિશ હિંદ તેમજ દેશી રાજ્યોનો સંઘ બનાવવો અને તેમને મહત્ત્વનાં ખાતાં સોંપવાં. (2) પ્રાંતોમાં ત્રણ જૂથો રચવાં, (3) ચૂંટાયેલ પ્રાંતિક ધારાસભાઓ દ્વારા બંધારણસભાના સભ્યોની ચૂંટણી કરવી જે બંધારણીયસભા તરીકે ઓળખાય. (4) વચગાળાની સરકાર રચવી. આઝાદી આવે તે પહેલાં વચગાળાની વ્યવસ્થા તરીકે, 2 સપ્ટેમ્બર, 1946ના રોજ નેહરૂના નેતૃત્વ હેઠળ પ્રધાનમંડળ રચવામાં આવ્યું.

**બંધારણસભાની રચના**

**બંધારણ-ઘડતરની પ્રક્રિયા :** કૅબિનેટ મિશન યોજના અંતર્ગત બંધારણસભાની રચના હાથ ધરાઈ. તેના માટે પુખ્તવય મતાધિકારના ધોરણે ચૂંટણી કરીને સમય પસાર કરવો તે પાલવે તેમ ન હતું. આથી નક્કી કરવામાં આવ્યું કે 1946ના જુલાઈમાં પ્રાંતોની ધારાસભાઓની જે ચૂંટણી થઈ છે તેમાં ચૂંટાયેલા ધારાસભ્યો બંધારણસભાના સભ્યોને ચૂંટી કાઢે. આ રીતે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડનાર બંધારણસભા પરોક્ષ પદ્ધતિથી રચવામાં આવી. બંધારણસભામાં કુલ 389 સભ્યો હતા, જેમાં બ્રિટિશ પ્રાંતોના 292, બ્રિટિશ હાઈકમિશન પ્રાંતોના 4 અને દેશી રાજ્યોના 13 પ્રતિનિધિ સહિત અન્ય સભ્યો હતા.

**બંધારણસભાની કામગીરી :** બંધારણસભાની બંધારણ-ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ 9મી ડિસેમ્બર, 1946થી થયો. જેમાં કુલ 207 સભ્યોએ હાજરી આપી હતી. મુસ્લિમલીગે તેનો બહિષ્કાર કર્યો. વરિષ્ઠ સભ્ય ડૉ. રાજેન્દ્રપ્રસાદની બંધારણસભાના અધ્યક્ષ તરીકે ચૂંટણી દ્વારા પસંદગી કરવામાં આવી. 13 ડિસેમ્બરે પંડિત જવાહરલાલ નેહરુએ બંધારણના ઉચ્ચ આદર્શો તેમજ પ્રજાની આકાંક્ષાને રજૂ કરતો ઠરાવ મૂક્યો. જેને ક. મા. મુનશી 'પ્રજાતંત્રની ગુરુચાવી' કહે છે. આ સિદ્ધાંતોને અનુરૂપ જ આપણા બંધારણનું ઘડતર થયું છે.

29 ઑગસ્ટ, 1947ના રોજ ડૉ. આંબેડકરના અધ્યક્ષપદે 7 સભ્યોની બનેલી એક મુસદ્દા સમિતિની રચના કરાઈ. આ સમિતિએ દુનિયાનાં બંધારણોનો અભ્યાસ કરીને સારાં તત્ત્વો, મુદ્દાઓ સ્વીકારીને ભારતની સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય પરિસ્થિતિને અનુરૂપ એક મુસદ્દો તૈયાર કર્યો.

**વિવિધ સમિતિઓ :** ઉપરોક્ત મુસદ્દા-સમિતિ ઉપરાંત બંધારણ-ઘડતર માટે વિવિધ સમિતિઓ પણ રચાઈ હતી. તે સમિતિઓને માર્ગદર્શન આપવા અગ્રણી મહાનુભાવોની અધ્યક્ષપદે વરણી કરાઈ હતી.

(1) વિશેષ સમિતિ (2) પ્રક્રિયા સમિતિ (3) સંચાલન સમિતિ (4) પરામર્શન-સલાહકાર સમિતિ (5) કેન્દ્રની સત્તાઓ અંગેની સમિતિ (6) સંઘ સંવિધાન સમિતિ (7) મૂળભૂત અધિકારોની સમિતિ (8) લઘુમતી અધિકારો અંગેની સમિતિ (9) સર્વોચ્ચ અદાલત અંગેની સમિતિ તથા (10) કેન્દ્ર-રાજ્ય વચ્ચેના નાણાકીય સંબંધો અંગેની સમિતિ વગેરેનો સમાવેશ થતો હતો.

આમાંની મોટા ભાગની સમિતિઓના અધ્યક્ષ અને સભ્યો તરીકે પંડિત જવાહરલાલ નહેરુ, વલ્લભભાઈ પટેલ, ડૉ.રાજેન્દ્રપ્રસાદની અસર પ્રભાવક રહી.

બંધારણ-ઘડતરની પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારાઓમાં ડૉ. આંબેડકર, શ્રીકૃષ્ણસ્વામી ઐયર, એન. ગોપાલસ્વામી આયંગર, શ્રી ક. મા. મુનશી, શ્રી ટી. ટી. કૃષ્ણામાચારી, સર બી. એન. રાવ, શ્રી કે. ટી. શાહ, શ્રી મહાવીર ત્યાગી, શ્રી એચ. એન. કુંઝરું, શ્રી જયપાલસિંહ તેમજ મહિલા સભ્યોમાં શ્રીમતી દુર્ગાબાઈનું વિશિષ્ટ પ્રદાન રહ્યું.

બંધારણસભાએ કુલ 12 અધિવેશન બેઠકો દ્વારા 165 દિવસની કામગીરી કરી, જેમાં બંધારણનો મુસદ્દો ઘડતાં કુલ 114 દિવસ વ્યતિત થયા હતા.

બંધારણસભાની કાર્યવાહી પૂર્ણપણે લોકશાહી વાતાવરણમાં થતી અને લાંબી ચર્ચા-વિચારણા તેમજ ટીકાટિપ્પણ અંગે કોઈ પ્રતિબંધ ન હતો. ચોસઠ લાખ રૂપિયાનો કુલ ખર્ચ થયો. સમગ્ર પ્રક્રિયા પાછળ 2 વર્ષ, 11 માસ અને 18 દિવસનો સમય ગયો.

બંધારણ 26 નવેમ્બર, 1949માં તૈયાર કરીને બંધારણસભાએ ત્રણ વાચનમાંથી પસાર કરીને સ્વીકારી લીધું. 24 જાન્યુઆરી, 1950ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદની કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પસંદગી થઈ અને તેમણે તે ખરડા ઉપર સહી કરી. આમ કુલ 395 કલમો અને 8 પરિશિષ્ટોવાળું દુનિયાનું સૌથી વિસ્તૃત અને લાંબું બંધારણ અસ્તિત્ત્વમાં આવ્યું. 26 જાન્યુઆરી, 1950થી બંધારણના અમલનો પ્રારંભ થયો. આ દિવસ સમગ્ર ભારતમાં 'ગણતંત્ર' કે 'પ્રજાસત્તાક દિન' તરીકે

ઊજવાય છે. આ સંદર્ભમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહેલા શબ્દો સૂચક છે કે, 'હવે ભારતમાં કોઈ રાજા નથી અને કોઈ પ્રજા નથી, બધા રાજા છે અને બધા પ્રજા છે.'

**ભારતીય બંધારણનાં વિશિષ્ટ લક્ષણો**

**(1) લિખિત કે દસ્તાવેજી બંધારણ :** બ્રિટન અને અમુક અંશે ઇઝરાયલના અપવાદ સિવાય દુનિયાના બધા જ લોકશાહી દેશોનાં બંધારણો લિખિત છે. ભારતે પણ લોકશાહી શાસનવ્યવસ્થા અપનાવી હોઈ આપણી બંધારણસભાએ કાળજીપૂર્વક તેને ઘડ્યું છે. બંધારણસભાના સભ્યો ઉપર પશ્ચિમી ઉદારમતવાદની અસર હતી. બ્રિટિશ સંપર્ક અને અસર હોવા છતાં તેઓએ આપણા દેશની અને આપણા સમાજની પરિસ્થિતિ, પૂર્વ ઇતિહાસ, દેશની બહુવિધતા વગેરેને ધ્યાનમાં લઈને બંધારણ લિખિત સ્વરૂપે રાખવાનું યોગ્ય માન્યું હતું.

**(2) અતિવિસ્તૃત બંધારણ :** આપણા બંધારણનું બીજું મહત્ત્વનું ધ્યાન ખેંચે તેવું લક્ષણ તેની વિસ્તૃતતા છે. ભારતનું બંધારણ દુનિયાનાં લિખિત બંધારણોમાં સૌથી લાંબું અને સૌથી વિગતવાર છે. ભારતનું મૂળ બંધારણ 22 ભાગોમાં વહેંચાયેલું, 395 કલમો અને 8 પરિશિષ્ટો ધરાવતું હતું. જે બાબતોને બંધારણમાં સમાવી શકાઈ નહિ તેવી કેટલીક બાબતોને પરિશિષ્ટ રૂપે મૂકવામાં આવી છે. હાલમાં 12 પરિશિષ્ટો છે. છેલ્લાં 65 વર્ષમાં બંધારણમાં કેટલીક નવી કલમો ઉમેરવામાં આવી છે તો કેટલીક કલમો રદ કરવામાં આવી છે. પણ કલમોના અનુક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આપણા બંધારણમાં ઘણીબધી બાબતોની વિગતે જોગવાઈ કરવામાં આવી હોવાથી આપણું બંધારણ લાંબું બન્યું છે.

**(3) સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક, બિનસાંપ્રદાયિક, સમાજવાદી :** બંધારણ ભારતને સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક, સમાજવાદી, બિનસાંપ્રદાયિક જાહેર કરે છે. સમાજવાદ અને બિનસાંપ્રદાયિક શબ્દો મૂળ બંધારણમાં ન હતા તે 1976માં કટોકટી દરમિયાન 42માં બંધારણીય સુધારા દ્વારા ઉમેરવામાં આવેલા છે. ભારત બહારના તેમજ અંદરના કોઈ પણ જાતના અંકુશોથી મુક્ત છે. દેશના સંચાલન અંગેની સંપૂર્ણ સત્તા સાર્વભૌમ રાજ્યનું લક્ષણ છે. બહારની કોઈ પણ સત્તા ઉપર ભારતે હવે આધાર રાખવાનો નથી.

**(4) સંસદીય લોકશાહી :** ભારતીય બંધારણની કલમ 79 થી 122 ની જોગવાઈ મુજબ કેન્દ્રમાં અને કલમો 153થી 167 મુજબ રાજ્યોમાં સંસદીય સ્વરૂપની સરકારની રચના કરવામાં આવી છે. આ બાબતે આપણે બ્રિટિશ મૉડેલને અપનાવ્યું છે; કારણ કે, પાર્લમેન્ટને જવાબદાર એવી બ્રિટિશ ઢબને સંસદીય લોકશાહીનો આપણને પ્રત્યક્ષ અનુભવ હતો. સંસદીય સરકારનું મહત્ત્વનું લક્ષણ એ છે કે, સાચી સત્તા લોકોના પ્રતિનિધિઓમાંથી બનેલા પ્રધાનમંડળમાં જ સ્થાપિત થયેલી હોય છે. પ્રધાનમંડળની રચના સંસદ સભ્યોમાંથી કરવામાં આવે છે અને પ્રધાનમંડળ લોકો દ્વારા ચૂંટાયેલા સંસદને જવાબદાર હોય છે. નીચલા ગૃહ-લોકસભાનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ સત્તા ઉપર રહી શકે છે. સંસદીય સરકાર એ સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત ઉપર કામ કરે છે. તેથી તેને 'જવાબદાર સરકાર' કહેવામાં આવે છે.

**(5) મૂળભૂત હકો :** ભારતના બંધારણના ભાગ 3માં મૂળભૂત હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતના લોકો એક સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિકો તરીકે ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે છ જેટલા મૂળભૂત હકો આપવામાં આવ્યા છે. વ્યક્તિના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે આ હકો જરૂરી છે. લોકશાહી રાજ્યનું આ અનોખું અને આવશ્યક લક્ષણ છે. મૂળભૂત હકોના રક્ષણ માટે પણ બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે.

**(6) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :** બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે તે એક નવીન પગલું છે. આવા સિદ્ધાંતો આર્યલૅન્ડના બંધારણમાં પણ જોવા મળે છે. સિદ્ધાંતો નૈતિક હોઈ તેનો અમલ રાજ્યની મરજી ઉપર આધારિત છે. દરેક સ્તરની સરકાર તેનો અમલ કરે તે ઇચ્છનીય માનવામાં આવ્યું છે. ગમે તે પક્ષની સરકાર હોય પણ તે આ સિદ્ધાંતોનો અમલ કરવા માટે નૈતિક રીતે બંધાયેલી છે. આ સિદ્ધાંતોમાં સમાજવાદ અને ગાંધીવાદના આદર્શો વ્યક્ત થયેલા છે.

**(7) મજબૂત કેન્દ્રવાળું સમવાયતંત્ર :** ભારતના લાંબા ઇતિહાસનો સૌથી મહત્ત્વનો બોધપાઠ એ છે કે જ્યારે-જ્યારે ભારતનું કેન્દ્રીય શાસન નબળું પડ્યું છે ત્યારે પરદેશી શાસકોએ આક્રમણ કરીને સત્તા પડાવી લીધી છે. કેન્દ્રીય શાસનને એ કારણસર મજબૂત રાખવાની ઐતિહાસિક આવશ્યકતા હતી. ભાષા, સંસ્કૃતિ, ધર્મો વગેરેની પ્રાદેશિક લાક્ષણિકતાઓને પણ

જાળવવી જરૂરી હતી. પરસ્પર વિરોધી લાગતી આવી અનિવાર્યતાઓને ધ્યાનમાં રાખીને બંધારણના ઘડવૈયાઓએ એક વિશિષ્ટ સ્વરૂપનું સમવાયતંત્રનું માળખું અપનાવ્યું છે. સમવાયી પ્રથાનાં લક્ષણોનો સ્વીકાર કરેલો હોવા છતાં કેન્દ્રને મજબૂત બનાવે તેવી સત્તાઓ આપવામાં આવી છે. તેમજ સમગ્ર દેશ માટે એક જ વહીવટી માળખું સ્થાપવામાં આવ્યું છે. આમ છતાં રાષ્ટ્રનું અને બંધારણનું અસ્તિત્ત્વ જોખમમાં હોય ત્યારે કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્રને વધુ સત્તાઓ આપવામાં આવે છે. આથી ઘણા વિચારકો આપણી પ્રથાને 'અર્ધ-સમવાયી'તરીકે પણ ઓળખાવે છે. કટોકટી વખતે આસાનીથી તેને એકતંત્રની વ્યવસ્થામાં બદલી શકાય છે.

**(8) દ્વિગૃહી પ્રથા :** બંધારણે કેન્દ્રમાં દ્વિગૃહી પ્રથાનો સ્વીકાર કર્યો છે. લોકસભા નીચલું ગૃહ છે. તેમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે અને રાજ્યસભા ઉપલું ગૃહ છે. તેમાં રાજ્યોની વિધાનસભાઓ દ્વારા ચૂંટાઈ આવેલ સભ્યો બેસે છે. તેઓ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. રાજ્યસભાની સત્તા ઓછી છે અને નાણાકીય બાબતોમાં તો બિલકુલ ઓછી સત્તા છે. લોકસભાની સત્તાઓ વિશેષ ચઢિયાતી અને કેટલીક બાબતોમાં નિર્ણાયક છે.

કેન્દ્રની જેમ એકમ-રાજ્યોમાં દ્વિગૃહીપ્રથા રાખવી કે એકગૃહી તે રાજ્યોની ઇચ્છા ઉપર છોડવામાં આવ્યું છે. કેટલાંક રાજ્યોએ વિધાનસભા અને વિધાન પરિષદ એવાં બે ગૃહો રાખ્યાં છે. મોટા ભાગનાં રાજ્યોએ એકગૃહી પ્રથા અપનાવી છે.

**(9) ધર્મનિરપેક્ષતા :** ભારતીય બંધારણનું આ ઉમદા લક્ષણ છે.

(i) ભારતનું રાજ્ય ધર્મનિરપેક્ષ છે, જેની ચર્ચા આમુખમાં કરવામાં આવી છે.

(ii) બંધારણની વિવિધ જોગવાઈઓમાંથી ધર્મનિરપેક્ષતા (બિનસાંપ્રદાયિકતા)નું લક્ષણ ફલિત થાય છે.

(iii) ધર્મના આધારે રાજ્ય કોઈ નાગરિક પ્રત્યે ભેદભાવ રાખતું નથી.

(iv) ધાર્મિક લઘુમતીઓને કેટલાક વિશેષ અધિકારો અને સવલતો આપવામાં આવેલી છે.

બંધારણની આ બધી બાબતો ધર્મનિરપેક્ષ રાજ્યોમાં જ પ્રાપ્ય હોય છે.

(v) ભારતનું રાજ્ય કોઈ ધર્મના સિદ્ધાંતો કે માન્યતાના આધારે ચાલશે નહિ.

**(10) આમુખથી પ્રારંભ :** બંધારણની શરૂઆત આમુખથી થાય છે. તેને પ્રસ્તાવના પણ કહી શકાય. આમુખમાં ભારતીય રાજ્યોનાં મહત્ત્વનાં લક્ષણોની ઝાંખી થાય છે. આમુખની વિગતે ચર્ચા આમુખના મુદ્દામાં કરેલી છે.

**(11) બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિ :** લિખિત બંધારણને સમય અને સંજોગોની જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરવાની જરૂર પડતી હોય છે. જે સુધારો સાદી બહુમતીથી થઈ શકે તે બંધારણ સુપરિવર્તનશીલ છે. જ્યારે જે સુધારાને વિશિષ્ટ બહુમતીની જરૂર પડે તેને દુષ્પરિવર્તનશીલ કહે છે. ભારતના બંધારણમાં આ બંને તત્ત્વોનું મિશ્રણ કરવામાં આવ્યું છે.

**(12) અદાલતી સમીક્ષા :** અદાલતી સમીક્ષા એ ભારતના બંધારણનું એક વિશિષ્ટ લક્ષણ છે. સંસદે પસાર કરેલા કાયદા, એકમ રાજ્યોની ધારાસભાઓએ ઘડેલા કાયદા, ઉપરાંત કેન્દ્ર અને રાજ્યોની કારોબારી દ્વારા બહાર પડાયેલા આદેશો, સર્વોચ્ચ અદાલત અને રાજ્યની વડીઅદાલતો દ્વારા અપાયેલા ચુકાદાઓ તેમજ બંધારણમાં કરવામાં આવેલા સુધારા આ બધાની સમીક્ષા કરવાની ન્યાયતંત્રની સત્તાને અદાલતી સમીક્ષા કહેવામાં આવે છે. જો અદાલતને એમ લાગે કે ઘડવામાં આવેલા કાયદા, જારી કરવામાં આવેલા આદેશો, કરવામાં આવેલા બંધારણીય સુધારાઓ બંધારણ સાથે સુસંગત નથી તો તે ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે.

**(13) એકીકૃત અને સ્વતંત્ર ન્યાયતંત્ર :** ભારતમાં પિરામિડ આકારના સળંગ અને સુગ્રથિત ન્યાયતંત્રની જોગવાઈ છે. સૌથી ઉપર સર્વોચ્ચ અદાલતની રચના થયેલી છે. તેની નીચે રાજ્યોની વડીઅદાલતો અને તેની નીચે જિલ્લાની અદાલતો તથા તાબાની અદાલતો આવેલી છે. અમેરિકા કે જ્યાં સમવાયીપ્રથા છે, ત્યાં કેન્દ્ર અને રાજ્યોનાં આગવાં અને સમાંતર ન્યાયતંત્રો છે.

ભારતમાં ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી અલગ અને સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. તેની સ્વતંત્રતાનું રક્ષણ કરવા સંબંધી બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવેલ છે. લોકશાહી રાજ્યવ્યવસ્થાનું તે જરૂરી લક્ષણ ગણાય છે.

**(14) પછાતવર્ગો અને જાતિઓ માટે ખાસ જોગવાઈ :** આપણા બંધારણમાં પછાત સમૂહો અને અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ધારાગૃહોમાં રાજકીય પ્રતિનિધિત્વ માટે રાજકીય અનામતો, સરકારી

નોકરીઓમાં અનામત બેઠકો અને શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટે અનામતોનો લાભ તેમજ તેમને શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ, સુવિધાઓ અને ફી માફીની સગવડનો ખાસ લાભ આપવામાં આવ્યો છે.

**(15) સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર :** ભારતીય બંધારણ મુજબ 18 વર્ષની ઉંમરના તમામ નાગરિકોને મતાધિકાર આપવામાં આવ્યો છે. બંધારણની કલમ-326 હેઠળ અપનાવવામાં આવેલું સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનું પગલું ઘણું હિંમતભર્યું છે. ખાસ કરીને જ્યાં વસ્તીનો ઘણો ભાગ જ્યારે ગરીબ અને અશિક્ષિત હોય ત્યારે કોઈ પણ જાતના ભેદભાવ વગર માત્ર ઉંમરના ધોરણે જ કલમના એક જ ઝાટકે સ્ત્રી-પુરુષ દરેક નાગરિકને સમાન મતાધિકાર એ ખરેખર જ પ્રગતિશીલ પગલું છે. બધા જ લોકશાહી દેશો કરતાં આપણા દેશના મતદારોની સંખ્યા વધુ છે. સામાન્ય ચૂંટણીઓમાં ઉત્તરોત્તર વધેલી મતદારોની સંખ્યા અને સજાગતા એ તેનું પ્રમાણ કે સફળતાની સાબિતી છે.

**બંધારણમાં સુધારાની પ્રક્રિયા**

સમાજ પરિવર્તનશીલ છે અને રાજ્ય એક સામાજિક સંસ્થા છે. તેથી રાજ્યનું સ્વરૂપ નક્કી કરનાર બંધારણમાં પણ જરૂર પડે, પરિવર્તન એટલે કે સુધારા કરવા જરૂરી બને છે. ભારતનું બંધારણ લેખિત અને દસ્તાવેજી છે. આમ છતાં તે સ્થિતિસ્થાપક પણ છે. ભારતના બંધારણ વિશે એમ.વી પાયલી નામના વિદ્વાને યોગ્ય લખ્યું છે કે, ''એવું કોઈ સમવાયતંત્રી બંધારણ નહિ હોય જે સ્થિતિસ્થાપક તથા મુશ્કેલ એમ બંને સંશોધન-પ્રક્રિયાનો ઉપયોગ કરે આ વિશેષતા માત્ર ભારતના બંધારણમાં જોવા મળે છે.''

**સુધારાની પ્રક્રિયા :** બંધારણમાં સુધારા માટે કલમ 368 નીચે સંસદ ત્રણ રીતે બંધારણમાં સુધારો કરી શકે છે. આવા સુધારા સંસદના કોઈ પણ ગૃહમાં ખરડો રજૂ કરીને થાય છે. સુધારાને કાયદા ઘડતરની જેમ ત્રણ વાંચન અને જરૂર પડે પ્રવર સમિતિને સોંપી શકાય છે. પરંતુ તેને માટે લોકમત લેવાની જોગવાઈ નથી. બંધારણ સુધારાની રીત નીચે પ્રમાણે છે :

**(ક) સાદી બહુમતી દ્વારા :** બંધારણમાં એવી કેટલીક જોગવાઈઓ છે કે જેમાં સુધારો કરવા માટે સંસદના હાજર સભ્યોની સાદી બહુમતી જરૂર પડે છે. જેમ કે નાગરિકત્વની યોગ્યતા માટે, રાજ્યોના ઉપલા ગૃહની રચના અને તેના વિસર્જન માટે, સર્વોચ્ચ અને અન્ય ન્યાયાલયોના ન્યાયાધીશોના પગાર અંગે નવાં રાજ્યોની રચના કોઈ રાજ્યના વિસ્તારમાં કે તેની સરહદમાં પરિવર્તન જેવી બાબતો અંગેના સુધારાનો સમાવેશ થાય છે.

**(ખ) બે તૃતીયાંશ બહુમતી દ્વારા :** આગળ જણાવ્યા તે સિવાયની તમામ બાબતોને લગતા સુધારા માટે સંસદના બંને ગૃહોની હાજર સંખ્યાની $\frac{2}{3}$ બહુમતીથી બંધારણમાં સુધારો થઈ શકે છે.

**(ગ) વિશેષ બહુમતી તથા રાજ્યોની સંમતિ :** બંધારણમાં એવી કેટલીક જોગવાઈઓ છે જે કેન્દ્ર-રાજ્ય બંનેને સ્પર્શતી હોય છે. આ જોગવાઈઓ જેવી કે રાષ્ટ્રપતિની ચૂંટણી, કેન્દ્ર અને રાજ્યોની કારોબારી, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની વહેંચણી, સંસદમાં રાજ્યોના પ્રતિનિધિત્વમાં સુધારા માટે સંસદના બંને ગૃહોના હાજર સભ્યોની $\frac{2}{3}$ બહુમતી ઉપરાંત ઓછામાં ઓછા 50 % રાજ્યોની સંમતિની જરૂર પડે છે.

આ ત્રણેય રીતોમાંથી કોઈ પણ રીતે પસાર થયેલા બંધારણીય સુધારાને રાષ્ટ્રપતિની સંમતિ માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા પછી બંધારણીય સુધારો અમલમાં આવે છે.

બંધારણની કલમ 356 પ્રમાણે રાજ્યના રાજ્યપાલના અહેવાલથી અથવા અન્ય સ્રોતથી રાષ્ટ્રપતિને ખાતરી થાય કે બંધારણીય જોગવાઈઓ પ્રમાણે રાજ્ય સરકારનો વહીવટ ચાલી શકે તેમ નથી તો રાષ્ટ્રપતિ એ રાજ્યમાં બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે. આ કટોકટી જાહેર થતાં એ રાજ્યની થોડીક કે સંપૂર્ણ સત્તા રાષ્ટ્રપતિ લઈ શકે છે. વિધાનસભાને મૂર્છિત કરાય કે વિસર્જિત પણ કરી શકાય છે. આ સમયે સંસદ રાજ્યયાદીના વિષય ઉપર તે રાજ્ય માટે કાયદા ઘડી શકે છે. સંસદ તે રાજ્યનું અંદાજપત્ર પણ ઘડી શકે છે. રાષ્ટ્રપતિ તે રાજ્યની સંચિત નિધિમાંથી ખર્ચ કરી શકે છે. આ સમય તે રાજ્ય માટે 'રાષ્ટ્રપતિશાસન'નો ગણાય છે. તેમાં રાજ્યપાલ રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે સીધો વહીવટ સંભાળે છે. રાષ્ટ્રપતિના જાહેરનામાને બે માસમાં સંસદની મંજૂરી લેવી પડે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) બંધારણસભાની રચના અને તેની કામગીરી સમજાવો.

(2) ભારતીય બંધારણનાં વિશિષ્ટ લક્ષણો દર્શાવો.

(3) બંધારણ-સુધારાની પ્રક્રિયાને સમજાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) ક્રિપ્સ દરખાસ્તો

(2) કૅબિનેટ મિશન

(3) બંધારણસભાની વિવિધ સમિતિઓ

**3. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) ભારતના બંધારણનો આરંભ ક્યારે થયો ?

(2) બંધારણના ઘડતરમાં કોણે-કોણે ફાળો આપ્યો છે ?

(3) બંધારણસભાએ ક્યારે કોને અધ્યક્ષ પદે નિમણૂક કરી હતી ?

(4) બંધારણ-ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ ક્યારે થયો ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) હિંદ છોડો લડત ક્યારે થઈ ? ☐

(અ) 1930 (બ) 1942 (ક) 1947 (ડ) 1950

(2) બીજું વિશ્વયુદ્ધ ક્યારે પૂરું થયું ? ☐

(અ) 1969 (બ) 1930 (ક) 1945 (ડ) 1950

(3) બંધારણસભામાં કુલ કેટલા સભ્યો હતા ? ☐

(અ) 389 (બ) 395 (ક) 391 (ડ) 292

(4) બંધારણનો મુસદો ઘડતાં કુલ કેટલા દિવસ વ્યતીત થયા હતા ? ☐

(અ) 114 (બ) 124 (ક) 224 (ડ) 165

(5) બંધારણનો અમલ ક્યારે થયો ? ☐

(અ) 1947 (બ) 1950 (ક) 1949 (ડ) 1930

### પ્રવૃત્તિ

- બંધારણ-ઘડતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રદાન અંગે વાર્તાલાપનું આયોજન કરો.
- બંધારણ-ઘડતરમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકા અંગે વાર્તાલાપ અને વિગતો એકત્ર કરો.
- 26 નવેમ્બર બંધારણદિનની ઉજવણીનો કાર્યક્રમ ગોઠવો.

●